ગાંધીનગર સમાચાર

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

'ખાનગી'ને સોંપી દો બધું તંત્રમાં વિશ્વાસ કોને છે?
મોંઘી 'ફી'નું છે મહત્વ, મફતમાં વિશ્વાસ કોને છે?
વિશ્વાસ કોને છે સરકારમાં દીન-દુખઈ સિવાય !!
ને કોર્ટ સિવાય, લોકશાહીમાં વિશ્વાસ કોને છે?
(નેતાશ્રીઓ 'પ્રાઈવેટ'માં જ સારવાર લેતા હોય છે)

હાઈકુ

એટલે જ તો -
બનાવે છે શિકાર -
ખમતીધરો...
(કોરોનાની મોંઘી સારવાર)

બને છે ભોગ!
માત્ર વીઆઈપીઓ ?!
મળે પ્રસિદ્ધિ?!
(ગરીબોને પૂછે છે કોણ?)

ચિંતન

પ્રારભ્યતે ન ખલુ વિઘ્નયેન નીચૈઃ ।
પ્રારભ્ય વિઘ્નવિહિતા વિરમન્તિ મધ્યાઃ ॥

ઉપરોક્ત શ્લોક શ્રી સુભાષિત પદ્યાવલીમાંથી લેવામાં આવેલ છે.

સામાન્ય હલકા માણસો કાર્યમાં વિઘ્ન આવી પડશે એવા ભયથી કાર્ય શરૂ કરતા જ નથી. મધ્યમ પ્રકારના માણસો કાર્ય શરૂ કરીને વચમાં વિઘ્નોથી ઘેરાઈ જતાં અટકી જાય છે. જ્યારે શ્રેષ્ઠ માણસો વિઘ્નથી વારંવાર ઘેરાતા હોવા છતાં શરૂ કરેલ કાર્યને (છેવટ સુધી) છોડી દેતાં નથી.

આળશુ લોકો મહેનત અને શ્રમથી દૂર રહેવાના પ્રયત્નથી નવું કામ શરૂ કરતા જ નથી.
મધ્યમ લોકો થોડીક મુશ્કેલી કે તકલીફ આવે તો હારી કામ અધુરું છોડે છે.
પણ શ્રેષ્ઠ લોકો હિંમત હાર્યા વિના હાથમાં લીધેલું કામ કદી પણ અધૂરું છોડતા નથી.

સુવિચાર

- 'જુનૂન' આપસે વો કરવાતા હૈ, જો આપ કર નહીં સકતે, 'હોંસલા' આપસે વો કરવાતા હૈ, જો આપ કરના ચાહતે હૈ, 'અનુભવ' આપસે વો કરવાતા હૈ, જો આપકો કરના ચાહિયે - **જહાગીંર રાજા**
- 'અતિક્રમણ' થવું એ સ્વાભાવિક છે, 'પ્રતિક્રમણ' કરવું એ આપણો 'પુરુષાર્થ' છે - **આપ્તસૂત્ર**
- જેનો જન્મ ખરાબ છે તે ક્ષમ્ય છે, પરંતુ જેનું કર્મ ખરાબ છે તે દંડને પાત્ર છે - **મોરારિ બાપુ**
- પાપી જ્યાં જશે ત્યાં નરક કરી દેશે અને સાધુ જ્યાં જશે ત્યાં ફૂલો ખીલશે - **બોધિ વૃક્ષ**
- આવડતના અભિમાન વાળા કરતાં અનઆવડતનાં જ્ઞાનવાળો માનવી મેદાન મારી જાય છે - **શેક્સપિયર**
- કોઈ માણસ શુદ્ધ વિચારથી બોલે કે એ જ રીતે આચરણ કરે તો કદી અલગ નહીં થનાર પડછાયાની જેમ સુખ તેને અનુસરે છે - **બુદ્ધ**
- આજનું ઔષધ : ઓલિવ ઓઈલમાં મીઠા લીમડાના પાનને ઉકાળી ઠંડુ પડે તે તેલ માથામાં હળવે હાથે માલિશ કરવાથી વાળના રોગોમાં ફાયદો થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

ફ્રાન્સનો જાંબાઝ પત્રકાર 'આંખે દેખ્યો અહેવાલ' લેવા પોતાની જાન પર જોખમમાં મુક્તા ખચકાતો નથી. એકવાર પોતાના અખબાર માટે સાચો રિપોર્ટ મેળવવા બળવાખોરો અને પોલીસ વચ્ચેની અથડામણની જગ્યાએ પહોંચી રહ્યું હતું તેને નજરોનજર જોઈને પોતાની ડાયરીમાં ટકાવી રહ્યા હતા અને એમાં એક પથ્થર મેથ્યૂને લમણા માં વાગ્યો અને લોહી નીકળવા લાગ્યું. બંને બાજુથી ગોળીબારી પણ ચાલુ થઈ ગઈ અને એક ગોળી મેથ્યુની છાતી વીંધતી ગઈ. મેથ્યુ જમીન પર ડળી પડ્યો એક પોલીસમેન એને કહેવા આવ્યો તમને એમ્બ્યુલંસમાં હોસ્પિટલ લઈ જવા પડશે. 'મેથ્યુ એ જવાબ આપ્યો.' 'હજી મારો અહેવાલ પૂરો નથી થયો.' આટલું કહી તેણે ડાયરી પોલીસના હાથમાં આપી અને કહ્યું, 'મારી પેનથી જલ્દી લખો કે, પોલીસ અને બળવાખોરો વચ્ચેની મોટી અથડામણાં પોલીસ ગોળીબારથી ચાર માણસોને ઈજા અને એક શખ્સનું મૃત્યુ થયું !!'

પોલીસે પૂછ્યું 'કોનું મૃત્યુ'
મેથ્યુનો જવાબ - પત્રકાર મેથ્યુનું.
આટલું બોલતા એની આંખો સદાને માટે મિંચાઈ ગઈ.

પાંચસો વર્ષ પછી શ્રી રામનો પુનઃ ગૃહપ્રવેશ

ફક્ત અયોધ્યા માટે નહીં બલકે સમસ્ત ભારત માટે અને દુનિયાના ખૂણે ખૂણે ફેલાયેલા મૂળ ભારતીયો માટે રામજન્મભૂમિ સ્થળે ભવ્ય મંદિરના શિલાન્યાસનો પ્રસંગ જિંદગીનું અણમોલ સંભારણું બની રહેશે. બાબરના સેનાપતિ દ્વારા તોપથી ઉડાવી દેવાયેલ મંદિરના પુનઃ સ્થાપન માટે સનાતન ધર્મના શ્રદ્ધાળુઓ પાંચ સદીઓથી પોતપોતાના ગજા પ્રમાણે લડત ચલાવતા રહ્યા હતા. આખરે એનો અંજામ છઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૨ના દિવસે મંદિર તોડીને બનાવાયેલી વિવાદાસ્પદ મસ્જિદના ધ્વંસ રૂપે આવ્યો હતો. બંધારણથી બંધાયેલા તત્કાલીન મુખ્યમંત્રી કલ્યાણસિંહ કે વડાપ્રધાન નરસિંહરાવે આંખ આડા કાન કરીને એ વિધ્વંસને આડકતરો ટેકો જ આપ્યો હતો. આખરે ક્યારેક તો આવી લાંબી લડાઈનો અંત આવવાનો જ હતો. દેશની સર્વોચ્ચ અદાલતે પણ પ્રજાની નાડ પારખીને અને પુરાવતત્ત્વ વિભાગના અહેવાલોનું પોઝીટીવ અર્થઘટન કરીને રામજન્મભૂમિને શ્રદ્ધાનો વિષય ગણવાનું ઉચિત લેખ્યું હતું અને હિંદુઓ તરફી ચુકાદો આપવામાં જ શ્રેય જોયું હતું. 'મંદિર વહીં બનાયેંગે' ના નારા સાથે સોમનાથથી નીકળેલી રથયાત્રાને લાલુપ્રસાદ યાદવે અટકાવી હતી, પરંતુ આખરે રામલલ્લા એમની જન્મભૂમિ પરત મેળવીને જ જંપ્યા છે. રથયાત્રાના નાટક લાલકૃષ્ણ અડવાણીને છેલ્લી ઘડીએ ટેલિકોન્ફરંસિંગથી સમારોહ માણવાનું આમંત્રણ પાઠવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'રાજધર્મ' નિભાવ્યો છે. અયોધ્યા સુરક્ષા મુદ્દે સીલ કરાયું પણ ઘેર બેઠાં ભવ્ય સમારોહ અને રામલલાનાં દર્શનનો લહાવો નગરવાસીઓને જરૂર અપાયો. સપનાં તો સૌનાં સાકાર થયાં પણ શિલાન્યાસ કરવાનું અડવાણીનું સપનું હવાઈ ગયું. નરસિંહ મહેતા કહી ગયા છે એવું જ કંઈક થયું :

'જેહના ભાગ્યમાં જેહને જે સમે જે લખ્યું તેહને તે સમે તે જ પહોંચે.'

રાજીવ ગાંધીએ રામલલ્લાને નજરકેદમાંથી મુક્ત કર્યા હતા અને 'રામાયણ'ની લોકપ્રિય ટીવી શ્રેણીનું દૂરદર્શન પર પ્રસારણ કરાવ્યું એમને રામજન્મભૂમિનું તાળું ખોલાવ્યું હતું એટલું જ નહીં, એ જગ્યાએ ભવ્ય રામમંદિર બનાવવાનું વચન પણ આપ્યું હતું. પરંતુ પછી અદાલતી કાર્યવાહીની અડચણ શરૂ થઈ જે છેક છેલ્લે મોદી શાસન દરમિયાન સર્વોચ્ચ અદાલતની વિશિષ્ટ બેન્ચ દ્વારા દૂર થઈ શકી. કોંગ્રેસને લઘુમતી વોટબેંકની જાળવણી કરવી હતી એટલે એક તબક્કે સર્વોચ્ચ અદાલતમાં 'શ્રીરામ ખરેખર અવતરેલા કે પછી એ માત્ર પુરાકલ્પન છે - કવિનું સરજેલું પાત્ર છે?' - એવો સવાલ પણ એ જ કોંગ્રેસની સરકારે ઊભો કર્યો હતો. આથી હજારો વર્ષોથી ભગવાન રામને પૂજતી હિંદુ-પ્રજામાં કોંગ્રેસ પ્રત્યે સ્વાભાવિક રીતે જ સખત નફરત પેદા થઈ ગઈ હતી અને કોંગ્રેસને એના ગઢ જેવા ઉત્તરપ્રદેશ અને બિહારમાં હાંસિયે ધકેલાઈ જવું પડ્યું હતું, સોનિયા ગાંધી કે મનમોહનસિંહ બે પૈકી એક પણ નેતા હિંદુ નહીં હોવાથી કોંગ્રેસ સામે લઘુમતી તરફી હોવાનો ભારતીય જનતા પાર્ટીનો આક્ષેપ પ્રજાને આસાનીથી ગળે ઊતરી ગયો હતો. હવે છેલ્લે કેટલાક વખતથી કોંગ્રેસને એની આ ગંભીર ભૂલ સમજાઈ છે, પણ 'અબ પછતાયે હોત કયા જબ ચીડિયા ચુગ ગઈ ખેત?' રાહુલ ગાંધી શુદ્ધ બ્રાહ્મણ હોવાનો અને શિવભક્ત હોવાનો દાવો કરે કે પ્રિયંકા ગાંધી એકવીસ લીટીની નિવેદનમાં ત્રેવીસ વખત રામનું રટણ કરે એથી પ્રજામાનસમાં કોંગ્રેસની પડી ગયેલી રામવિરોધી છાપ ભૂંસાઈ જશે એમ માનવું વધારે પડતું છે. કન્યાકુમારી પાસેના દરિયામાં રામસેતુના અસ્તિત્વ સામે પણ ડીએમકેના સાથી પક્ષ તરીકે કોંગ્રેસે વાંધો ઉઠાવી એને તોડી પાડવાનું વિકાસલક્ષી આયોજન કર્યું હતું તે શ્રદ્ધાળુ પ્રજા થોડી ભૂલી શકે? વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે રામજન્મભૂમિ મંદિરનો શિલાન્યાસ એમના જીવનનું સૌથી મોંઘેરું સંભારણું બની રહેશે. કોંગ્રેસને આ ધાર્મિક પ્રસંગમાંથી ધરાર બહાર રાખવાની કૂટનીતિ રામના આદર્શને અનુરૂપ નહીં હોવા છતાં રાજનીતિના સ્વીકૃત સિદ્ધાંત મુજબ અનુચિત નહીં ગણાય. રામ હિંદુ પ્રજાના મર્યાદા પુરુષોત્તમ ભગવાન છે પણ એમના પર સુવાંગ અધિકાર નરેન્દ્ર મોદી, મોહન ભાગવત અને એમના અનુયાયીઓનો પ્રસ્થાપિત થઈ ગયો છે તે એક કઠોર વાસ્તવિકતા છે.

તંત્રીસ્થાનેથી...

ખીલે પ્રભુ જ્યાં પ્રેમથી, મંદિર એ જ ગણાય છે!

લાગણીનો મેળો
રસિક વાળંદ

ધ્યાન કરતાં કોઈને વિક્ષેપ ના કદી થાય છે
હૈયું બને હસતું અને મન-મલિનતા ધોવાય છે
ખીલે પ્રભુ જ્યાં પ્રેમથી,
મંદિર એ જ ગણાય છે!
(સ્વા. ગીતમાલા - ૧)

ભારતીય સંસ્કૃતિના સર્જકોએ લોહીનું પાણી ને હાડકાનું ખાતર કરી આ મહામૂલી માનવસભ્યતાનું નિર્માણ કર્યું છે... પરંતુ આજની ભોગવાદી વિચારધારા એને ભરખી રહી છે તો બીજી બાજું ભ્રાંત ઈશ્વરવાદ સમાજમાં ફાલતો જાય છે. આપણા તીર્થસ્થાનોમાં જો નજર કરીએ તો ઠેર-ઠેર ધક્કામૂક્કી પૂજારી, કર્મચારીગણની જડતા, ભાવુકોની વેવલી છીછરી બધા-આખડીમાં માનનારી કૃતિશૂન્ય બુદ્ધિહીન ભક્તિ... અરે તીર્થસ્થાને ગંદા જળનું આચમન અને સ્નાન કરનારા ભોળા ભક્તોને જોઈ હૈયું હચમચી જાય છે !! પવિત્ર તીર્થસ્થાનોમાં સ્વચ્છતાનો સદંતર અભાવ... બીજું કે કેટલાંય સંકલ્પો કરીને દૂર દૂરથી આવનાર શ્રદ્ધાળુની શ્રદ્ધા ફળીભૂત થાય ને મનને ટાઢક મળે એવી નિરાંત મંદિરના પરિસરમાં હોય છે ખરી? કરોડોની રોકડી કરનારા દેવસ્થાનોના જવાબદારોએ આ અંગે વિચારવું જોઈએ.

આજે ધર્મકેન્દ્રી પણ ધનકેન્દ્રી બનેલા સંપ્રદાયોમાં બિચારા ગરીબ ને તો જાણે ધર્મ કરવાનો અધિકાર જ નથી એવું જણાય છે. કારણ કે દરેક કર્મકાંડમાં ચઢાવા ને બોલી બોલાતી હોય છે ખુદ ભગવાન બની બેઠેલા ગુરુ પણ મફતમાં પગલાં પાડતા નથી. મિત્રો મારો ઉદ્દેશ અહીં ટીકા કરવાનો કે કોઈને હલકાં ચીતરવાનો નથી. પરંતુ આપણે સૌ એ પણ જાણીએ છીએ કે ભવ્ય મહાલય સમા મંદિરોના નિભાવ અર્થે અર્થ - પૈસા જરૂરી છે. એ માટે કદાચ આ બધી યુક્તિ પ્રયુક્તિઓ થતી રહી છે પરંતુ ભવ્ય દેવસ્થાનોના નિભાવની ચિંતામાં તેનો હાર્દ રુપ પ્રભાવ ખલાસ થયો તે ખટકે છે. જ્યાં પ્રત્યેક આયોજન પાછળ માત્ર પૈસા જ હોય તો તે મંદિર કહેવાય ખરું!! આને તો ધર્મની દુકાન જ કહેવાય... મંદિરમાં આવેલું ધન પ્રભુ પ્રસાદ બને જે માનવકલ્યાણ અર્થે જ વપરાય તેવું આયોજન કરાય તો સમાજમાં દીનતા અને લઘુતા લેશ ન રહે. આ છે ઋષિઓની કલ્પનાનું મંદિર. આજે એક એકથી ચઢિયાતા ભવ્ય ને દિવ્ય (ફાઈસ્ટાર) મંદિરો કદાચ સાંપ્રત યુગની માંગ હશે.... ઓછા નામે આજનો બુદ્ધિવાદી-બુદ્ધીજીવી વર્ગ ફરવા જવાના બાને પણ ધર્માભિમુખ બને...

દોસ્તો, પરમાત્મા જીવનનું સાધ્ય છે પરંતુ ભોગવાદીઓએ તેને ભોગપ્રાપ્તિનું સાધન બનાવી દીધો છે. માણસ ભક્તિ - પૂજાપાઠ - અર્ચના કાં. તો ભોગની કાં તો ભીતિથી કરે છે. આજે આસ્તિકોથી દુનિયા ઉભરાય છે. પરંતુ ભક્તિની સાચી સમજણના અભાવે ખુમારીના બદલે દીનતા, હીનતા અને લાચારી તેની રગેરગમાં વ્યાપી ગઈ છે. હરપળે પ્રત્યેકને બુદ્ધિથી માપનારાઓનું મગજ ઘણું વિસ્તર્યું ખરું પણ હૈયું સાવ સંકોચાયું છે.... આ જોઈને આધુનિક યુગના મહર્ષિ પાંડુરંગ શાસ્ત્રીજીએ ભક્તિની નવી સંકલ્પનાઓ સમાજ સમક્ષ ધરી... એમણે તો આપણી મૂર્તિ પૂજાને કહી પ્રતિપાદિત પણ કરી બતાવ્યું. મંદિરો માત્ર પૂજાપાઠ કરવા માટે જ છે એ માન્યતા સાવ ભૂલ ભરેલી છે. ચિત્ત એકાગ્ર કરવું હોય, ભગવાન પાસે કંઈક માંગવું હોય, પાપ ઓકવું હોય, પુત્ર તરીકે ભગવાનના ખોળામાં બેસવું હોય, સુખ માંગવું હોય કે દુઃખ કહેવું હોય તો ભગવાન પાસે એકલા જ બેસાય. સમૂહમાં પ્રભુની પ્રાર્થના થાય પૂજા ન થાય તેથી જ આપણા આર્ષદ્રષ્ટા ઋષિઓએ મંદિરો સર્જ્યા. ઋષિઓની નજરે મંદિર એટલે પ્રભુના શ્વાસોશ્વાસ સમા વેદોનો સ્વાધ્યાય જ્યાં થતો હોય, પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા સૌ ભેગા મળી પ્રાર્થના કરતા હોય, ભગવાનના સૌ લાડકા દીકરાઓ સાથે બેસી એકાત્મભાવ અનુભવે, જ્યાં ઊંચ-નીચ, નાના-મોટા શ્રેષ્ઠ કનિષ્ઠના ભેદો ભૂલી ભગવાનના દીકરા તરીકે સૌ એક થઈ ભગવાન પાસે બેસે એવી ઉચ્ચત્તમ ભાવના મંદિર નિર્માણમાં રહેલી છે.

અનુસંધાન પાના નં ૭ પર

ધાર્મિકતા સાથે શ્રધ્ધા અને ઉમંગ ભળે ત્યારે એ તહેવાર બને છે

અબીલ-ગુલાલ
મમતા રાવલ

આજે મને આ લેખ લખવાની પ્રેરણા બે મહિલા પાસે થી મળી છે. આપણા નગરમાં અનેક સક્રિય, બુધ્ધીશાળી અને ઉત્સાહી મહિલાઓની ઉપસ્થિતિ થી આપણું ગાંધીનગર અનેક ક્ષેત્રે આગળ છે. યુવા પેઢીને આવી મહિલાઓના માતા, શિક્ષક કે અન્ય કોઈપણ નાતે સાંપડેલા માર્ગદર્શન થી આજનો યુવા શહેરમાં, દેશમાં, વિદેશમાં અનેક જગ્યાએ ગાંધીનગરનું નામ રોશન કરી રહ્યો છે.

આપણા શહેરમાં જન્મથી અહીં વસવાટ કરતાં આ મહિલા અગ્રણીઓ અત્યારે ઉંમરના એવા તબક્કે છે કે એમને સીનીયર સીટીઝન્સ કહી શકાય. પરિવારમાં દાદી-નાનીનો હોદ્દો મેળવી ચૂકેલી આ મહિલાઓ ઉંમરના આ તબક્કે પણ ખંત અને ઉત્સાહથી જીવન સાથે કદમ મિલાવી રહી છે. અને સાથે-સાથે પરિવારમાં પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપી રહી છે.

એમની સાથેની એક મુલાકાત દરમ્યાન તેઓ પોતાના વિદેશમાં વસતા પોત્ર-પૌત્રીઓ માટે મોબાઈલ પર શ્લોક રેકોર્ડ કરીને મોકલી રહ્યા હતા. માતા વિદેશી હોવા છતાં બાળકો આ મોકલાયેલા શ્લોક કંઠસ્થ કરી રોજ રાત્રે સૂવા સમયે બોલવાનો વીડીયો જોવાની તક પણ મળી. બીજા કિસ્સામાં વિદેશી પૌત્ર-પૌત્રી તહેવાર અને જન્મદિન નિમિત્તે નાની પાસે ઓનલાઈન રેસીપી શીખી, બનાવી ઉજવણીનો આનંદ લઈ રહ્યાનું જોવા મળ્યું.

આ બંને વાત હદયને ખૂબ સ્પર્શી ગઈ. ભારતીય હોવાનું ગૌરવ અનુભવતા બાળકો, ભારતીય તહેવારો અને સંસ્કૃતિને પણ સમજવાની અને સરસ રીતે ફોલો કરવાનો પ્રયત્ન કરતા જોઈને ખૂબ ખુશી થઈ. સાચે જ તહેવારોનું આપણી સંસ્કૃતિ અને આપણા જીવનમાં અનોખું સ્થાન છે. શાળામાં અનેકવાર આ વિષય પર નિબંધ પણ લખ્યા હશે...એ લખતી વખતે કદાચ જાત અનુભવ એટલો નહીં હોય. પણ હવે આપણે આપણી આ ધરોહર ને બરાબર સમજી અને જાણી શક્યા છીએ. મેઘધનુષી રંગોથી સજેલી આપણી પરંપરા આપણને જીવવાનું બળ અને ઉત્સાહ પૂરો પાડે છે. દરેક રાજ્યની પોતાની તહેવારોની આગવી ઓળખ છે. દક્ષિણના રાજ્યો, ઉત્તરના રાજ્યો, રાજસ્થાન, પૂર્વના રાજ્યો તમામ રાજ્યોમાં ઉજવાતા તહેવારો વિશેના સમાચારો અને તસ્વીરો આપણે જોઈએ છીએ. ધાર્મિકતા સાથે શ્રધ્ધા અને ઉમંગ ભળે ત્યારે એ તહેવાર બને છે.

આ ઓગસ્ટ મહીનો ભરપૂર તહેવારોનો મહીનો છે. ગુજરાતી મહીના પ્રમાણે શ્રાવણ-ભાદરવો-આસો અને છેક દિવાળી સુધી સતત એક પછી એક તહેવારો-ઉજવણી ચાલતી રહેશે. ધાર્મિક ઉપરાંત રાષ્ટ્રીય અને પશ્ચિમ થી આયાત થયેલા ઉત્સવો પણ એટલા જ રંગેચંગે ઉજવાય છે. વળી એમાં સરકારના આદેશ મુજબની ઉજવણીઓ ઉમેરો કરે છે. ભારતીય પ્રજા ઉત્સવપ્રેમી પ્રજા કહેવાય છે. દાયકાઓથી આપણે આપણી આ પરંપરાને વત્તે-ઓછે અંશે નિભાવતા આવ્યા છીએ. અને નવી પેઢીને પણ એ વારસો આપવાનો આપણો પ્રયત્ન હોય છે.

આપણા પર્વતરાજ હિમાલય, પવિત્ર નદી ગંગા જેમ આપણા તહેવારો પણ આપણી ઓળખ છે, આપણી વિશેષતા છે. એ પ્રત્યે આપણે ઉદાસીન થતા જતા હોઈએ એવું ક્યારેક વર્તાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી આર્થિક-માનસિક-સામાજીક ક્ષેત્રે તાણનું પ્રમાણ સતત વધી રહ્યું છે. એવા સંજોગોમાં આ ઉદાસીનતા સ્વાભાવિક છે.

પરંતુ એવું નથી લાગતું કે જે આપણી ઓળખ છે, વિશેષતા છે એના પ્રત્યે ઉદાસીનતા સેવીને આપણે વધુ ઉદાસીન થતાં જઈશું !!! ધૂળેટીમાં રંગ, ઊતરાયણમાં પતંગ, નવરાત્રીમાં ગરબા, દિવાળીમાં દિવા-રંગોળી, રક્ષાબંધન, જન્માષ્ટમી, પર્યુષણ, ગણેશોત્સવ, શ્રાધ્ધ કંઈક કેટલીય ઉજવણી થી વર્ષ હર્યુંભર્યું રહે છે. વિદેશી મહેમાનો ખાસ આપણા મેળા અને ઉજવણીઓથી આકર્ષિત થઈને દેશની મુલાકાત લે છે. દેશ થી દૂર રહેનારા ભારતીયો આપણા ઉત્સવોમાં સામેલ થવા તલસે છે.

આપણી પાસે ખૂબ સરસ તક હાથવગી છે. તમામ સંસારી વ્યક્તિ પોતાની આર્થિક-સામાજીક અનુકૂળતા પ્રમાણે ઉત્સવોની ઉજવણીનો આનંદ લેવાનું શરૂ કરે તો માનસિક રોગના ડોકટરોના દવાખાનામાં લાગેલી કતારો ઓછી થઈ શકે છે. ઉત્સવો એટલે માત્ર ખર્ચ, એવું નથી હોતું. એના માટે શ્રધ્ધા-ભક્તિ અને ઉત્સાહ જરૂરી છે. પરંપરા થી ઉજવાતા, બહારથી માત્ર રંગબેરંગી અને પૈસાના ધુમાડા જેવા ભાસતા દરેક તહેવાર પાછળ વૈજ્ઞાનિક ઉદ્દેશ પણ સમાયેલો હોય છે. સમાજમાં જ્યારે નિરક્ષરતા વધુ હતી ત્યારે પ્રજાના ભલા માટે આપણા ઋષિ મુનીઓ એ ધાર્મિક લાગણીને માધ્યમ બનાવી કેટલીક એવી પરંપરાનું નિર્માણ કર્યું જેમાં માનવજાતનું ખાસ કરીને ભારતીય પ્રજાનું અને ભારતીયતાનું હિત સમાયેલું હતું.

સંજોગો અને માનસિકતા ગમે તે હોય... આપણે આપણા ઉત્સવોમાં દિલથી જોડાઈએ એ આપણા માટે હિતકર છે. થોડા સમય માટે ચિંતાઓ અને પ્રતિકુળ પરિસ્થિતીઓને ભૂલાવી, તહેવારોની ઉજવણીમાં જોડાવાથી દુર્ગમ લાગતી સમસ્યાઓ આપમેળે હળવી થઈ જતી હોય છે. એ આપણે લોકડાઉન દરમ્યાન ઉજવેલા દીપોત્સવ થી અનુભવ્યું. સામૂહિક થાળી વગાડીને વોરીયર્સનું સન્માન કરતા સમયે પણ લાગણીઓ આંખોથી ઉભરાઈ ગઈ. આમ કોઈપણ ઉજવણી અણમોલ યાદોનું ભાથું મેળવી આપે છે. નવી પેઢીના સંતાનો દેશની પરંપરા પ્રત્યે સન્માનની લાગણી અનુભવે છે. બે મહિલાઓ દ્વારા, વિદેશમાં વસતા પોતાના બાળકોને ભારતીયતાના સંસ્કાર આપવાના પ્રયત્નએ મને આ દિશામાં વિચારતી કરી, પ્રેરણા આપી અને આપણા ઉત્સવો, પરંપરાનું મહત્વ યાદ કરાવ્યું. અને એ પ્રયત્ન 'અબીલ - ગુલાલ' ના માધ્યમથી મેં કર્યો છે. આપ સહુ વાંચકમિત્રો આવી રહેલા તહેવારોને દિલથી માણો, ઉત્સાહ અનુભવો, સહુના જીવનમાં નવી ચેતનાનો સંચાર થાય એજ શુભેચ્છા.

ઉધગમંડલમનું નામ તમે સાંભળ્યું છે ?

મનના ઉમંગો
રણછોડ પરમાર

કેવું વિચિત્ર નામ છે ''ઊટી'' ! કોણે આવું નામ પાડ્યું હશે ? દક્ષિણ ભારતના નામો બોલતાં જીભને આંટી પડી જાય છે, એના સ્થાને કેવું સાવ સીધું નામ ! આપણને એવું થાય કે આ નામ પાડનાર ફોઈ નક્કી આપણા ગુજરાતની હશે. ખરી વાત કહું તો એનું ખરું નામ અસલ દક્ષિણ ભારતીય શૈલીનું જ છે. મૂળ નામ છે ઉધગમન્ડલમ (Ooty -short for Udhagamandalam). ગુલશનનું ગુલી થઈ જાય, કુસુમનું કુશી થઈ જાય અને રુકમણીનું રુકી થઈ જાય એમ ઉધગમંડલમનું ઉટી થઈ ગયું છે. કોડાઈકેનાલની જેમ ઊટી પણ તામિલનાડુમાં આવેલું છે. એક રાજ્યને આવા બે ભવ્ય હવાખાવાના સ્થળ મળે એ વૈભવ કંઈ જેવો તેવો ના કહેવાય.

કોડાઈ કેનાલથી વહેલી સવારે તૈયાર થઈને જોતાં જોતાં નીચે ઉતરવા માંડ્યાં. સપાટ જમીન ઉપર આવ્યા પછી એક નાનકડી હોટેલ પાસે વાહન ઊભું રખાયું. જમવાનો સમય થઈ ગયો હતો. સવારે તૈયાર કરીને લાવેલા ભોજનની સામગ્રી વહેંચવામાં આવી. ચારે બાજુ ઊંચી ઊંચી નારિયેરીનું વન હતું. વનભોજનની મઝા જેમને આવતી હોય એમના માટે ભારે મઝાની જગ્યા હતી. સૂર્યનો તડકો ક્યાંક ક્યાંક દેખાતો હતો તે સિવાય ઘટ્ટ નારિયેળીના પાંદડાઓએ તડકા સામે છત્ર ધરી દીધું હતું. જમીન સરસાં ઊગેલાં ઝાડીઝાંખરાંઓમાં પણ સરસ સફેદ ફૂલો ખીલ્યાં હતાં. મંદ સમીર વાતો હતો. આવા સમયે જો તમારી નજર નારિયેરીના લાંબા પાંદડાંઓમાં કોઈ પક્ષીને શોધતી હોય તો ભોજનમાં શું છે એ ગૌણ બની જાય છે. એથી ઉલટું જો તમારી નજર આવા હવામાનમાંયે થાળીમાં દાળભાત ઝંખતી હોય તો સમગ્ર વનવૈભવ મામૂલી બની જાય છે. ભોજન બાદ ગલ્લાવાળાએ પીવરાવેલી ચા ખરેખર સરસ હતી.

આગળના દિવસની જેમ આજે પણ હવાખાવાના સ્થળે રાત પડ્યે જ પહોંચાયું. સવારે વહેલો ઊઠી બહાર આવ્યો. ચારે બાજુ પહાડો હતા. અહીં પણ ગાંધીનગરની જેમ રસ્તામાં ગાયો સામી મળી. અને નાચતી કૂદતી ચકલીઓ જોવા મળી. આજુબાજુના મકાનોમાં દરેક રહેવાસીએ કોઈને કોઈ પ્રકારના ફૂલછોડ ઉછેર્યા હતા. જ્યાં જગ્યા મળી ત્યાં મોટા વૃક્ષ પણ લગાવ્યા હતા. એક ઘરમાં મેં જોયું કે એક વૃક્ષ ધાબાની આરપાર ડોકુ કાઢીને ઊભું હતું. એ ભાઈને ઉપલો માળ ચણવામાં પણ ઝાડ ના નડ્યું. કમાલ કહેવાય ને ! બધા મકાનોનાં ધાબાં ઢાળવાળા હતાં એનો મતલબ કે અહીં કાયમ ભારે વરસાદ પડતો હશે. પહાડો પર ઊભેલાં વૃક્ષો એની સાહેદી પૂરતાં હતાં. નીચેના પહાડો પર જે વૃક્ષો હતાં તે સરસ ઘટાદાર હતાં જ્યારે ટોચ પરના વૃક્ષો પાસે ડાળી-પાંદડાંની સંપત્તિ પાંખી હતી. એકબે ક્રિસ્ટમસ ટ્રી જેવા ઝાડ પણ જોવા મળ્યાં. ક્યાંક વળી પગથિયાં આકારના ખેતરો દેખાતાં હતાં.



ચાનાસ્તો કર્યા પછી ઊટીનો પ્રવાસ શરુ થયો. અમે સૌપ્રથમ બોટોનીકલ ગાર્ડન આવ્યાં. ટિકિટબારી પરથી ટિકિટ મેળવી અંદર પ્રવેશ્યાં. વનસ્પતિશાસ્ત્ર ભણનારા માટે તો આ બગીચો એક વિશ્વવિધ્યાલયથી સહેજે કમ નથી. વૃક્ષ-વેલી-પાન-ફૂલના શોખીનો માટે પણ આ ગાર્ડન એક અણમોલ ખજાનો છે.

આ સરકારી વનસ્પતિ ઉધ્યાનની ૧૮૫૯માં રચના કરવામાં આવી હતી. ૧૯૧૨ થી અહીં સુશોભનમાં ઉપયોગમાં લેવાતાં પુષ્પોની ખેતી કરવામાં આવે છે. તેના પુષ્પો તથા બીજ વેચવામાં આવે છે. અંદર પ્રવેશતાંજ મન તરુવન અને પૂષ્પોની દુનિયામાં ખોવાઈ જવા મજબૂર બને છે. જેમ વૃક્ષોના વૈવિધ્યનો કોઈ પાર નથી તેમ પુષ્પોના રંગો પણ બેસુમાર છે. વૃક્ષો, વેલીઓ, ફૂલો ક્યારાઓ અને વાડ વગેરેની ગોઠવણી એટલી કલાત્મક કરવામાં આવી છે કે એ જોઈ તમારાથી વાહ વાહ બોલાઈ જાય ! કૂદરતી રીતે જ પહાડના ખાડાટેકરાએ અહીં અનોખું સૌંદર્ય પ્રાપ્ત કર્યું છે. કોઈ ઝાડના થડમાં ચોરસ ખાંચા પાડી તેમાં નાના ફૂલછોડ લગાવી વૃક્ષ અને પુષ્પ બેઉનું સંલગ્ન સૌંદર્ય ખડું કરવામાં આવ્યું. મેં સરસ ફૂલના આકારના લીલા પર્ણ જોયાં. કોડાઈકેનાલના રોઝ ગાર્ડનમાં એ જોયાં ત્યારે એને હું લીલાં ગુલાબ કહી બેઠો હતો. પરંતુ એ ગુલાબ નથી. એવા આકારના પાંદડાં છે. કોઈ જૂના વૃક્ષના થડની ઉપર અને આજુબાજુ સુંદર ફૂલોની સૃષ્ટિ ખડી દેવાઈ છે. બાળકોને ગમે તેવા હરણ, હાથી, પનિહારી જેવાં શિલ્પ પણ લગાડવામાં આવ્યાં છે. પ્રેમીઓને ફોટા પડાવવાનું મનથાય તેવાં ઊંચાં વ્યુ પોઈંટ પણ બનાવવામાં આવ્યાં છે. ફરતાં ફરતાં થાક લાગે તો બેસવા માટે લીલાપીળા રંગના ફાંકડા બાંકડા મૂકવામાં આવ્યા છે. બસ એક વસ્તુ મને કઠી. આવા સુંદર બાગની શરુઆતમાં જ તોપ શું કામ ગોઠવવામાં આવી હશે ? માની લઈએ કે અંગ્રેજો એમના જમાનામાં ધાક બેસાડવા આવા ખેલ કરતા હતા, પણ હવે તો આપણે આપણાં બાળકો અને સ્ત્રીઓને લઈને હવાફેર કરવા આવા સ્થળે આવતાં હોઈએ છીએ. ત્યાં તોપની શી જરુર ? આ બધાં વચ્ચે એક વસ્તુ ખુબ ગમી. એક સેંકડો વર્ષ પ્રાચીન ઝાડના થડને(અશ્મિ) ખાસ સાચવવામાં આવ્યું છે. એની આજુબાજુયે સોહામણાં ફૂલ ખીલી ઊઠ્યાં છે.

બહાર આવ્યો ત્યારે બધા સાથીદારો જતા રહ્યા હતા. દરવાજા પાસે એક છોકરો ગરમ ટોપીઓ વેચતો હતો. ટોપી ઉપર અંગ્રેજીમાં ઊટી લખેલું હતું. મને યાદગીરી સ્વરુપે લઈ જવાનું મન થયું. કોડાઈકેનાલમાં રાતે બરાબરની ઠંડી લાગી હતી એ યાદ હતું. મેં બે ટોપી ખરીદી લીધી. આગળ જતાં એક ગલ્લા પાસે રાજુભાઈ મળ્યા. મારી ટોપી જોઈ એમનેય ટોપી ખરીદવાની ઈચ્છા થઈ. અમે પાછા આવ્યા. રાજુભાઈએ એક ડઝન ટોપી ખરીદી, એક ટોપી બોનસમાં મેળવી. ગલ્લે આવી ચા પીધી. કેટલીક મહિલાઓ દક્ષિણ ભારતની આયટમ ચાખવા બેસી ગઈ હતી. અમારું વાહન જ્યાં ઊભું હતું ત્યાં એક મસ્ત જૂનો બંગલો હતો. એનું મોટા ભાગનું બાંધકામ લાકડામાંથી કરવામાં આવ્યું હોય તેવું લાગતું હતું. આગળ સુંદર ફુવારો હતો. બે નાનકડાં બાળકો ફુવારો પકડીને ઊભાં હોય તેવું શિલ્પ હતું. જો મકાનને નવાં રંગ કરવામાં આવ્યા હોય અને રંગીન અજવાળાંઓ વચ્ચે ફુવારો શરુ કરવામાં આવે તો ઈંદ્રને પણ ઈર્ષા થયા વગર ના રહે.

બીજું સ્થળ હતું ચાની ફેકટરી. ચાના પાંદડાંથી શરુ કરી, ચા બને ત્યાં સુધીના મશીનો ઉપલબ્ધ હતાં. મંદિરમાં જેમ પ્રસાદ મળે તેમ અહીં એક કપ ચા મળતી હતી. ચા બહુ જ સરસ હતી. બહાર લેમન ટી, જીંજર ટી, ઓરેંજ ટી, ચોકલેટ ટી, બ્લેક ટી, મસાલા ટી એવી જાતજાતના સ્વાદની ચા ત્યાં મળતી હતી. મારો વિચાર કોઈ એક જાતની ચા લેવાનો હતો, પણ પાંચસો ગ્રામથી ઓછા વજનના એકે પેકેટ વેચાતાં ન હતાં. મારું ગજું બહુ બહુ તો સો ગ્રામનું નાનકડું પડિકું લેવાનું હતું. કારણ કે અમારા ઘરમાં હું એકલો જ ચા પીઉ છું. એટલે હું ઉધગમંડલમની ચા લઈ શકયો નહીં.

ત્રીજી વાર વાહન થોભ્યું ત્યારે કોઈ જોવાલાયક સ્થળ ન હતું. ઊટી તેના ચોકલેટ ઉધ્યોગને લીધે પણ પ્રખ્યાત છે. અહીં બધાંએ જાતજાતની ચોકલેટ ચાખી અને ખરીદી પણ ખરી. વિદેશની ચોકલેટોને ભારતમાં પ્રવેશતી બંધ કરી દેવામાં આવે તો મારો દેશ ચોકલેટ ઉધ્યોગમાં પૂર્ણતઃ સ્વનિર્ભર થઈ શકે તેવો મને ગળા સુધી વિશ્વાસ છે.